# એક્ટર ફેહદ ફાઝીલના અભિનયના છે શેખર કપૂર પણ ફેન



કર લો બાત

એશ દેસાઈ

રિજનલ સિનેમા એટલે ખાસ કરીને મલયાલમ સિનેમામાં અત્યાર સુધી બે જ સુપરસ્ટાર હતા મોહનલાલ અને મામુટી. મોહનલાલ અને મામુટીનું આધિપત્ય મલયાલમ સિનેમા પૂરતું જ રહ્યું છે, પણ એક નવા ઉગતા સૂરજ એટલે ત્રીજા મલયાલમ સ્ટારે મલયાલમ નહિ પણ હિન્દી અને હોલીવુડના ઓડિયન્સને પોતાના તરફ ખેંચવામાં સફળતા મેળવી છે અને આ એક્ટર માટે કહેવાય છે કે તે આંખોથી બોલે છે અને આંખોથી અભિનય આપે છે. બૉલીવુડના જેટલા ખેરખા ફિલ્મ ક્રિટીક છે , દરેક એક્ટર ફહાદ ફાઝીલના અભિનયના કાયલ છે.

મલયાલમ સિનેમામાં 5 ફૂટ 6 ઈંચના આ કલાકારના અભિનયનું કદ ઘણું ઊંચું છે. ફેહદ ફાઝીલની આંખોમાં અભિનય તરતો હોય છે એટલે જ તો તેણે પોતાની ફેન ક્લબ ઉભી કરી છે.

મલયાલમ સિનેમાના સૌથી મોટા સુપરસ્ટાર મોહનલાલ છે વળી ગત વર્ષે એમની ફિલ્મ "દ્રશ્યમ 2" આવી હતી, જેણે બૉલીવુડમાં ડંકો વગાડ્યો હતો, મોહનલાલની ફિલ્મ "દ્રશ્યમ 2" ને બૉલીવુડમાં સૌથી વધુ વખાણવામાં આવી હતી.

ફેહદના પિતાએ મલયાલમ સિનેમામાં મોહનલાલ અને નગ્મા જેવા આર્ટિસ્ટને લોન્ચ કર્યા હતા. ફેહદના પિતાએ તેમની જ ફિલ્મમાં દીકરા ફેહદને લોન્ચ કર્યો હતો આ ફિલ્મમાં મલયાલમ સ્ટાર મામુટીએ નાનકડો કેમિયો પણ કર્યો હતો , છતાં આ ફિલ્મ સુપર ફ્લોપ ગઈ હતી, ફેહદની પહેલી મલયાલમ ફિલ્મ આવી ત્યારે એની વય ફક્ત 19 વર્ષની હતી. પહેલી મલયાલમ ફ્લોપ ફિલ્મથી ફેહદ ઘણું શીખ્યો કે અભિનયમાં તૈયારી વગર ઉતરવુ એ મૂર્ખતા છે, ફેહદ જયારે અભિનય ક્ષેત્રે આવ્યો

વર્ષ 2017માં ફેહદ ફાઝીલ ની મલયાલમ ફિલ્મ "તોડીમુદલમ દ્રિસાક્ષિયમ" આવી હતી અને આ ફિલ્મમાં તે પ્રસાદ નામનો ચેઈન સ્નેચર બન્યો હતો, જે બસમાં આવતી મહિલાઓના સોનાના અછોડા તોડતો હતો, આ ચેઈન સ્નેચર પ્રસાદની ભૂમિકા જોઈ "એલિઝાબેથ" અને "મિસ્ટર ઈન્ડિયા" જેવી ફિલ્મોના દિગ્દર્શક શેખર કપૂર ફિલ્મ જોઈ બોલ્યા હતા કે મેં મારા જીવનમાં આવી અદભુત ફિલ્મ અને ફેહદ ફાઝીલ જેવો અદભુત અભિનેતા જોયો નથી. આ ફિલ્મે 3 જેટલા રાષ્ટ્રીય પુરસ્કાર મેળવ્યા હતા અને બેસ્ટ ફિલ્મ તરીકે આ ફિલ્મ પોપ્યુલર થઇ હતી. વર્ષ 2013માં તેની બીજી મલયાલમ ફિલ્મ "નોર્થ 24 કાતમ" આવી હતી. આ ફિલ્મમાં તે હરિ નામનો સોફ્ટવેર એન્જીનિયર બન્યો હતો જેનાથી તેના ઓફિસના સ્ટાફ મેમ્બર પણ પરેશાન હતા તેને ઓફિસના પ્રોજેક્ટ માટે ત્રિવેન્દ્રમ મોકલવામાં આવે છે અને રસ્તામાં તેની મુલાકાત બે અજાણ્યા ટુરિસ્ટ સાથે થાય છે અને બંને સાથેની મુલાકાત બાદ સોફ્ટવેયર એન્જીનીયર હરિક્રિષ્નનનો જીવન પ્રત્યેનો અભિગમ જ બદલાય જાય છે.

ત્યારે મસાલા કોમર્શિયલ ફિલ્મો ભરપૂર સફળ થતી હતી ફેહદ જો બોક્સ ઓફિસનો કિંગ બનવા માંગતો હોત તો ઢગલાબંધ ફિલ્મો તેણે સાઈન કરી લીધી હોત પણ તેણે એક ફ્લોપ ફિલ્મ બાદ 7 વર્ષનો બ્રેક લીધો હતો, લોકોને એવું લાગે કે આ તો મૂર્ખ માણસ છે , ફેહદ સ્માર્ટ હતો તેણે પોતાનું બાકીનું ભણતર પૂરું કર્યું અને ત્યાર બાદ એન્જીનીયરીંગમાં માસ્ટર્સ કરવા માટે તે અમેરિકા ચાલ્યો ગયો હતો. ફેહદના કમબેક પહેલાનો કિસ્સો પણ જાણીતો છે.

ફેહદે તે પહેલા ક્યારેય પણ હિન્દી ફિલ્મોના એક્ટર ઈરફાન ખાનનું નામ સાંભળ્યું નહોતું અને તેમને ઓળખતો પણ નહોતો. ફેગદે સ્વ.ઈરફાન ખાન વિશે વધુ માહિતી મેળવવા માંડી હતી અને ત્યાર બાદ તેમની દરેક જૂની અને નવી ફિલ્મો તેણે અમેરિકામાં જોવા માંડી હતી અને તેને ખબર પડી હતી કે સ્વ. ઈરફાન ખાન હિન્દી સિનેમાના પોપ્યુલર એક્ટર છે, કારણકે ફેહદની માતૃભાષા મલયાલમ હતી અને તેને હિન્દી બોલતા આવડતું નહોતું પણ સબટાઈટલ દ્વારા અને ડબ ફિલ્મો દ્વારા તે હિન્દી ફિલ્મોની પટકથાને સમજતો હતો. અમેરિકામાં તેણે હિન્દી ફિલ્મોમાં સ્વ. ઈરફાન ખાનનો સહજ અભિનય જોયો હતો, તેણે વિચાર્યું કે મને પણ આ જ પ્રકારની પેટર્નવાળો અભિનય ગમે છે.

ફેહદે અમેરિકામાં એન્જીનીયરીગનો અભ્યાસ પૂરો કર્યો અને સ્વ.ઈરફાન ખાનને પોતાની પ્રેરણામૂર્તિ માનતો હતો તેણે અભિનયમાં ઝંપલાવવાનું નક્કી કરી લીધું હતું. સ્વ.ઈરફાન ખાન આ દુનિયામાં હયાત નથી પણ ફેહદ પોતાની સફળતા અને સ્ટારડમનું શ્રેય હિન્દી ફિલ્મોના કલાકાર ઈરફાન ખાનને આપે છે કારણકે તેમના અભિનયની પ્રેરણા લઈને જ ફેહદ અમેરિકાથી પાછો અભિનય જગતમાં પાછો ફર્યો હતો. ફેહદ આજે મલયાલમ સિનેમાનો સુપરસ્ટાર છે પણ તેને એક બાબતનો અફસોસ છે કે જે એક્ટરે તેનું જીવન બદલ્યુ એવા સ્વ. ઈરફાન ખાનને તે ક્યારેય પણ મળી શક્યો નહોતો.

વર્ષ 2009માં મલયાલમ ફિલ્મ "કેરલ કેફે" આવી હતી આ ફિલ્મમાં 10 અલગ અલગ સ્ટોરી હતી , એંથોલોજી ફિલ્મ હતી. આ ફિલ્મમાં એક સ્ટોરી હતી "મૃત્યુંજમ" જેમાં ફેહદ એક પત્રકારની ભૂમિકામાં હતો જે જુના મકાનની પુરાતત્વ સ્ટોરી માટે જાય છે. આ ફિલ્મના માધ્યમથી 7 વર્ષ બાદ ફેહદ ફાઝીલે કમબેક કર્યું હતું , ફિલ્મ " કેરલ કેફે" માં મમુટી, સુકુમારન, સુરેશ ગોપી અને પૃથ્વીરાજ જેવા મલયાલમ સિનેમાના ધુરંધર એક્ટર હતા છતાં ફેહદ ફાઝીલે આ ફિલ્મમાં પોતાનું સ્થાન જાળવી રાખ્યું હતું, દર્શકોનું ધ્યાન પોતાની તરફ ખેંચવામાં તે સફળ થયો હતો. તેણે દર્શકો, ફિલ્મ મેકર અને પ્રોડ્યુસરને સંદેશો પાઠવી દીધો હતો કે તે પુરી તૈયારી સાથે ફિલ્મમાં ઉતર્યો છે, ફિલ્મ "કેરલ કેફે" ની સફળતા બાદ ફેહદને ત્રણ ફિલ્મો મળી હતી જેમાં " પ્રેમાની", થ્રિલર ફિલ્મ "કોકટેલ" અને થ્રિલર ફિલ્મ "ટુર્નામેન્ટ" નો પણ સમાવેશ થાય છે.

વર્ષ 2011માં મલયાલમ થ્રિલર ગે ફિલ્મ "ચપ્પા કુરીશું" આવી હતી આ ફિલ્મમાં ફેહદે કન્સ્ટ્રક્શન બિઝનેસ હેડ અર્જુનની ભૂમિકા ભજવી હતી , આ ફિલ્મમાં તે " ગે" યુવક બન્યો હતો અને તેણે આ ફિલ્મમાં એક્ટ્રેસ રેમ્યા નેમબીસન ને કિસ આપી હતી અને આ કિસની ઘણી ચર્ચા અને હોબાળો પણ થયો હતો.

આ ફિલ્મે ટિપિકલ મલયાલી ફિલ્મોના સુપર હીરોની ઈમેજને બદલી કાઢી હતી , તેમણે રિલેટેબલ કિરદારને સહજતાથી નિભાવી જાણ્યો હતો , ફિલ્મમાં 2 મિનિટના લાંબા કિસિંગ સીનને કારણે હોબાળો થયો હતો કારણકે આવા ઈન્ટીમેટ સીન મલયાલમ સિનેમામાં બહુ જોવા મળતા નથી. ત્યારે કોમર્શિયલ મલયાલમ સિનેમા ઈન્ટિમેટ સીનને લઈને એટલું લિબરલ નહોતું, એટલે હોબાળો થવો સહજ બાબત હતી. ત્યાર બાદ તેમની બીજી 10 ફિલ્મો આવી એ તમામ ફિલ્મો સફળ થઈ હતી, ત્યાર બાદ તેની બે કોમેડી ફિલ્મો આવી અને આ કોમેડી ફિલ્મ પણ જબરજસ્ત સફળ થઈ હતી, તેણે કોમેડી ફ્રન્ટ ઉપર પણ દર્શકોનું મન મોહી લીધું હતું.



# આમિર પણ ચાલશે 'અતુલ'ની ચાલે



વેબસ્ટાર

નેશનલ સ્કૂલ ઓફ ડ્રામામાં પ્રશિક્ષિત થયેલા એકટરો લાંબી કારકિર્દી ભોગવતા હોય છે. નસીરુદ્દીન શાહ ઓમ પુર, રાજ બબ્બર, અનુપમ ખેર, પંકજ કપુર, સતીશ કૌશિક, અનંગ દેસાઈ, નીના ગુપ્તા, સુરેખા સિક્રી અને એવા અઢળક નામો છે પણ ખબર નહીં કેમ તેઓમાંથી બહુ ઓછા હીરો બની શકે છે. તેઓ અભિનયમાં અશરદાર રહે છે. એ બહુ પુરવાર થયેલી હકીકત આ જે નામો ગણાવ્યા તેમાં ઘણા બાકી રહી ગયા છે અને અતુલ કુલકર્ણી પણ તેમાં ખે છે. 'હે રામ અને ચાંદની બારમાં શ્રેષ્ઠ સહાયક અભિનેતાનો નેશનલ એવોર્ડ જીતનાર અતુલ હિન્દી, મરાઠી, તેલુગુ, મલયાલમ, કન્નડ સહિતની ફિલ્મોમાં કામ કરતો રહ્યો છે. છેલ્લા પાંચ વર્ષમાં તે ધ ટેસ્ટ કેસ, 'સિટી ઓફ ડ્રીમ્સ, 'ધ રાઈકર કેસ', 'બંદીશ', બેન્ડિટ, સેન્ડવિચ ફોરેવરને ફરાર કબ તક વેબસિરીઝમાં તે દેખાયો છે. અતુલને કામ જોઈએ. ગાંધી વિરુદ્ધ ગાંધી નાટકથી ખૂબ જાણીતો થયેલો અતુલ હવે મોટી ભૂમિકાની આશા નથી રાખતો બલ્કે સારી ભૂમિકાની આશા રાખે છે તે માને છે કે આપણા દેશના જીવનમાં એટલું ચરિત્ર વૈવિધ્ય છે કે પાત્રો હંમેશા મળતા રહેશે. આજની ફિલ્મો નવા નવા વિષયો એકસ્પ્લોર કરી રહી છે. ધ રાઈકર કેસ તેની જાણીતી બનેલી વેબસિરીઝ છે અને તે કહે છે કે એ ફકત ક્રાઈમ થ્રિલર નહોતી બલ્કે આધુનિક સંબંધોમાં જે સંકુલતા છે તે દર્શાવતી હતી.

અતુલ કુલકર્ણી બે દાયકાથી ફિલ્મોમાં છે અને નવા આવતા કલાકારોને હંમેશા આવકારે છે. તેને થાય છે કે આ નવા કલાકારો માટે આ જ પ્રકારની ભૂમિકા કરવી છે. એવા ખ્યાલથી આવતા નથી. અતુલ ફકત અભિનય પૂરતો મર્યાદિત નથી. તે એક એનજીઓ ચલાવે ચે જેમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓને આધુનિક શિક્ષણ પદ્ધતિ શીખવે છે. અતુલ વિશે એ જાણી ને આનંદ થશે કે આમીરખાનની લાલસિંહ ચઢ્ઢાની પટકથા તેણે લખી છે અને નાગેસ કૂકૂનૂરને વેબસિરીઝ પણ તે લખી ચુકયો છે.

'હે રામ,' 'રંગ દે બસંતી', 'નટરંગ' વિગેરે ફિલ્મમાં મજબૂત પાત્રો ભજવનારા અતુલે તેની સાથે નેશનલ સ્કૂલ ઓફ ડ્રામાની સહપાઠી અભિનેત્ર ગીતાંજલી સાથે લગ્ન કર્યા છે અતુલની નટરંગ ફિલ્મ વિયેના ઈન્ડિપેન્ડન્ટ ફિલ્મ ફેસ્ટિવલમાં ભાગ લઈ ચુકી છે. સારા દિગ્દર્શકોની નજરમાં તે હંમેશા રહ્યો છે. મધુર ભંડારકરની 'ચાંદનીબાર', સત્તા' 'પેજ થ્રી' ફિલ્મમાં તે હતો અને રાકેશ ઓમ પ્રકાશ મહેરાએ 'રંગ દે બસંતી પછી દિલ્હી 6માં તેને ફરી લીધેલો.

શાહરૂખ અભિનીત રઈશમાં તે જયરાજ બનેલો તો ધ ગાઝી એટેકમાં લેફટનંટ કમાંડર સંતોષ દેવરાજ, તેની પાસે આવા પાત્રોની યાદી લાંબી છે. અત્યારે તેની પાસે ફરાર કબ તક ટીવી સિરીઝ ઉપરાંત સાઉથની પાંચેક ફિલ્મો છે. પણ તેને પ્રતિક્ષા છે લાલસિંહ ચઢ્ઢાની કારણ કે આમીર ખાન માટે ફિલ્મ લખવી એક જૂદી કસોટી હોય છે.

# અનિતા હસનંદાની કામથી કદી નથી થાકતી

ટીવી સ્ટાર

સિંધી સમાજમાંથી હવે ઘણા કલાકારો ફિલ્મો અને ટી.વી. માં ગોઠવાય ગયા છે. અનિતા હસનંદાની તેમાંની એક છે. એકતા કપૂરની 'કાવ્યાંજલી'માં તે અર્જુન અંજલી સાલ્વે, અંજલી કાવ્યા નંદા, અંજલી સોહમ સક્સેના તરીકે ખૂબ પ્રસિદ્ધિ પામી હતી. જોકે 'નાગિન'માં મૌની રોય પછી વિશાખા-વિષકન્યા તરીકે તેણે એવો જ વટ જમાવેલો.

મુંબઈમાં સિંધી કુટુંબની અનિતાએ 'ઈધર ઉધર સીઝન-2થી ટેલિવિઝન પર આરંભ કરેલો અને 2002માં તમિલ ફિલ્મ 'સમુરાઈ' પછી તે ફિલ્મોમાં પણ સતત આવી છે અનુરાગ બસુએ તેને 'કુછ તો હૈ'માં તુષાર કપૂર, એશા દેઓલ, રિશી કપૂર સાથે તક આપી પણ તમિલ, તેલુગુ ફિલ્મોમાં તે વ્યસ્ત થતી ગઈ. અલબત્ત, 'યે દિલ', 'ક્રિષ્ના કોટેજ', 'સિલસિલે', 'કોઈ આપ સા', 'જસ્ટ મેરીડ', 'રાગિણી એમએમએસ-2', 'હીરો' ફિલ્મોમાં તે કામ કરતી રહી. તેણે ટી.વી. પરનું કામ મૂકવું નહોતું એટલે 'કુમ કુમ -એક પ્યારા સા બંધન', 'કરમ અપના અપના', 'ક્યું કી સાસ ભી કભી બહુ થી', 'કસમસે' થી માંડી 'નાગિન'-4 અને 5 સુધીમાં વીસથી વધુ ટી.વી. સિરીયલો કરી ચૂકી છે. 'ગલતી સે મિસ-ટેક' નામની વેબસિરીઝમાં તે ધારા સેંગલ હતી. અત્યારે 'મારીચ' અને 'મિસ મેચ ઈન્ડિયા' ફિલ્મમાં તે આવી રહી છે.

તે આ કે તે માધ્યમમાં અમુક જ કામ કરવાં એવું માનતી નથી. સિંધી છે એટલે ધંધો ચુકવો તેનો લોહીમાં નથી. આ કારણે 'કોમેડી સરકસ' જેવામાં પણ તે આવી છે. હંમેશા સાડી પહેરવી પસંદ કરતી અનિતા સાઉથ ઈન્ડિયન સાડીનો ખજાનો ધરાવે છે. રોહિત રેડ્ડી નામના કોર્પોરેટ પ્રોફેશનલને ગોવામાં પરણેલી અનિતા આ ફેબ્રુઆરીમાં જ એક દિકરાની મા બની છે. આ 14 એપ્રિલે તેનો જન્મ દિવસ છે અને પહેલીવાર મા તરીકે દિકરા સાથે ઉજવશે. અનિતા ક્યારેક ગાઈ પણ લે છે. તેનો 'પીર મેરી' વિડીયો આવ્યો હતો ને લોકોને ગમ્યો હતો. કહી શકો કે તે મલ્ટી ટેલેન્ટેડ છે અને તેનાથી ખાસ તો એ કે તે હંમેશા કામ કરવા ઉત્સુક હોય છે. આળસ તેના સ્વભાવમાં નથી.



# સલમાને 'ઉલ્લુ' ગમે છે

હોલિવુડના સ્ટાર્સ હોય અને વિચિત્ર ન હોય તેવું ન બને. એવી જ એક છે હોલિવુડની અભિનેત્રી સલમા હાયેક. 'ગ્રોન અપ્સ' ફિલ્મની હીરોઈન તેનો પતિ ઘરથી દૂર હોય તો તેને બદલે બીજા કોઈથી કામ ચલાવે છે. ના ના તે કોઈને છેતરી નથી રહી. બલ્કે તેની પાસે એક પાલતુ ઘુવડ છે અને તેનું નામ છે 'કેરિંગ'. સલમાએ આ ઘુવડ (OWL) તેના પતિને વેલેન્ટાઈન્સ ડે નિમિત્તે ભેટ આપ્યું હતું અને તેના પતિની ગેરહાજરીમાં આ ઘુવડ સાથે તે ટીવી જુએ છે અને તેના જ રૂમમાં સૂઈ જાય છે. કહેવાય છે કે ઘુવડ વધુ પ્રવાહી પીતા નથી પણ કેરિંગનું ફેવરિટ પીણું 'વાઈન' છે. હવે વિચારો, સલમાના ઘુવડના આ ઠાઠ જોઈને તમારુ શું કહેવું છે?



હોલીવુડ નગરીયા

# રોબર્ટ બન્યો ભૂવનનો ફેન

બોલિવુડ એકટર મિ. પર્ફેકશનીસ્ટ ઉર્ફ આમિર ખાનના તો સૌ કોઈ દિવાના છે પણ તે ફકત ભારત સુધી સિમીત નથી. હોલિવુડ એકટર રોબર્ટ ડાઉની જુનિયર પણ આમિરના બહુ મોટા ફેન છે અને આ શરૂ થયું ત્યારથી જયારથી તેમણે લગાન જોઈ હતી. રોબર્ટનું માનવું છે કે આમિરની આ મૂવી જોયા બાદ ભારતીય ભૂમિ, તેના લોકો, તેનું કલ્ચર આ બધું જાણવાનો તેને વધુ રસ પડયો.

તેને હજુ સુધી ઈંડિયા ન આવવાનો અફસોસ છે અને તેણે વિડીયો કોન્ફરન્સ પર તેના ઈંડિયન ફેન્સને પ્રોમિસ કર્યું છે કે ટૂંક સમયમાં તે અહીં જરૂર આવશે. (અને કદાચ આમિરને ય મળશે.)